નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ચાલને માણસમાં થોડું વ્હાલ વાવી જોઈએ,
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.

બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ,
એ રીતે ઘરડાઘરો ખાલી કરાવી જોઈએ.

બહુ સરળતાથી જગત જીતી જવાતું હોય છે,
આપણી આ જાતને પહેલાં હરાવી જોઈએ.

- ગૌરાંગ ઠાકર

પાથેય

- રમેશ ઠક્કર

એષણાઓના આટાપાટા

ઢળતી સાંજે જેમ આખા દિવસનો હિસાબ લેવાનું મન થાય છે.એ જ રીતે ઉંમરના ઢળતા પડાવે માણસને પોતે કરેલી મહેચ્છાઓ..એની સામે પોતાને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ વિશે વિચારવાનું મન થાય છે.ઈચ્છાઓ અપરંપાર છે.એની લીલા અદભુત છે.ઈચ્છા કે સંકલ્પ એ માણસના જીવવાનું ચાલક બળ છે. માણસ જો કશું ઈચ્છે જ નહીં તો પછી જીવન આગળ વધે જ કઈ રીતે???સામા પક્ષે માણસ સતત ઈચ્છાઓ કરતો રહે તો પણ એ સતત અ મતૃપ્તિથી પીડાતો રહે.ઉપર ઉપરથી વિરોધાભાસ જેવી લાગતી આ હકીકત સમજવા જેવી છે. ઈચ્છા ક્યારેય નિયંત્રિત કરી શકાતી નથી. એને કાબુમાં જરૂર રાખી શકાય.અથવા તો વિવેક બુદ્ધિથી એના ઉપર લગામ રાખી શકાય.જે વ્યક્તિ પોતાની મહેચ્છાઓનું મારણ શોધી શકે છે;એ જ જીવનને સારી રીતે માણી શકે છે.

એના આટાપાટા કેવા હોય છે ? કેવી કેવી કલ્પનાઓ માણસ કરતો રહે છે ? એ કલ્પના ઉપર જ ઘણી વખત માણસ ધબકતો રહે છે.આપણે સૌ જો તરફ દુનિયામાં વહાલનું વાવેતર કરવાની મહેચ્છાઓ રાખતા હોઈએ છીએ.થોડુંક વહાલ વાવવું અને એ પછી એ જ વહાલને કોઈ લીલીછમ વેલની માફક ઉછેરવાનો અભરખો સૌ કોઈને હોય છે. આપણે શું જાણીએ છીએ કે આ એક આદર્શ છે.જાણેઅજાણે માણસને પોતે કરેલા ઉપકારના બદલામાં અપકાર કરનારા મળી રહેતા હોય છે.એ જુદી વાત છે. એથી કરીને એ કોઈને પ્રેમ કરવાનું છોડી દેતો નથી.આ જ સાબિતી છે કે જગતમાં સૌ કડીઓમાં સૌથી વડી એ સ્નેહની કડી છે !

ઉપયોગીતાવાદ ઉપર ચાલતું જગત જ્યારે કોઈ આદર્શની વાત કરે ત્યારે એ નિરર્થક લાગે.પોતે જેના થકી આ જગતમાં આવ્યો છે.જેના પાલનપોષણથી પોતાનું સર્જન થયું છે.. એવું સંતાન જ્યારે વયોવૃદ્ધ થયેલાં પોતાના માબાપને ઘરડાઘરમાં મૂકી આવે છે;ત્યારે એ ઘટના માણસાઇના મૃત્યુઘંટ જેવી બની રહે છે.કવિ બીજું કંઈ કરવા નથી માગતા. બસ એક એવી ઈચ્છા છે કે જગતમાંથી એકાદ દીકરાને સારી સલાહ આપી કમ સે કમ એકાદું ઘરડાઘર તો જગતમાંથી ઓછું કરીએ !આ એક કઠિન કામ છે.પરંતુ માણસની આશાઓ હંમેશા અમર હોય છે.અને ક્યારેક તો એ તારી અસર કરી જાય છે...

જગતના નકશા ઉપર અનેક શૂરવીરો અને વિજેતાઓ આવી ગયા છે.જેમણે પોતાની ધ્વજપતાકાઓ કે ઝંડાઓ લહેરાવી દીધા છે.આ દુનિયા ઉપર પોતાની માલિકીની મહોર મારવાનો પ્રયત્ન કર્યો છે.સદીઓથી ચાલી આવતી માણસની આ અભિપ્સા છે.અહીં કોઈ વિજેતા છે તો કોઈ પરાજિત્એક માણસ બીજા માણસને સમાન ધોરણે ચાહે કે સ્વીકારે એ બાબત જ દુર્લભ હોય છે. જગતને જીતવાની જેટલી તલાવેલી આપણને હોય છે એટલી તાલવેલી આપણી ભીતર સમાયેલા વૈભવને જોવા માટેની નથી હોતી.ખરેખર તો સાચું ઐશ્વર્ય; સાચું સૌંદર્ય; સાચું કલદાર આપણી અંદર રહેલું છે.આપણે બાહ્ય જગતને જીતવા માટેના ધખારા કરતા રહીએ છીએ.બહારની દુનિયાને જીતવી સહેલી છે.એ માટે પાયાની શરત એ છે કે આપણે પોતાની જાતને પહેલા જીતવી જોઈએ.એટલે કે જાત જો સમજી શકીએ તો જગત આપોઆપ સમજાઈ જતું હોય છે..!

ડિજિટલ રૂપિયો : આનું ભવિષ્ય 'કીમતી' છે!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

હમણાં જ ' નોટબંધી ' ને વધુ એક વર્ષ પૂરું થયું અને કાળાનાણાને નાથવા માટેની આશા સાથે અમલમાં મુકાયેલ આ એક પ્રકારના યુનિક કોન્સેપ્ટ વિષે સોશિયલ મીડિયા જાતજાતની પોસ્ટોથી ઉભરાઇ ગયેલું. નોટબંધી વખતે પણ લખેલું કે સારી દાનતથી ખોટા સમયે અને પૂરતી ચોકસાઇ વગર અમલમાં મુકાયેલી આ યોજના છે. જો કે નોટબંધીનો મૂળ હેતુ કાળા નાણાંના ચક્રવ્યૂહને ભેદવાનો અને એના વડે આતંકી ગતિવિધિઓને નાથવાનો હતો. ખેર નોટબંધી સફળ હતી કે નિષ્ફળ એ વિષે મતમતાંતર હોય શકે પણ જે હેતુથી ' મિત્રોઓઓઓઓ ' જેવા સંબોધનથી વડાપ્રધાને આ પ્રોજેક્ટ અમલમાં મૂકેલો કઈક એવા જ હેતુથી હમણાં ૧ નવેમ્બરે રિઝર્વ બેંક અને ભારત સરકારે એક અનોખી યોજના અમલમાં મૂકી છે જેની નોંધ મારા તમારા જેવા સામાન્ય માનવીઓ તો ઠીક પણ ભલભલા નિષ્ણાતોએ ભલે ઓછી લીધી હોય પણ એના ફાયદા ખૂબ થવાના છે. જી હા.. ભારત સરકારની આ અતિમહત્વાકાંક્ષી રજૂઆતનું નામ છે ' ડિજિટલ રૂપી '.અથવા ' ડિજિટલ કરન્સી '.!!!! ગર્વ અને આનંદની વાત એ છે કે દુનિયાના લગભગ ૮૦ કરતાં વધુ દેશો પોતાની ડિજિટલ કરન્સી લાવવાની તૈયારીઓ કરી રહ્યા છે એવામાં દેશની પોતાની ડિઝિટલ કરન્સી રજુ કરનાર ભારતીય રિઝર્વ બેંકે ડિજિટલ કરન્સી રજુ કરીને સિંગાપોર અને ચાઈનાની હરોળમાં પોતાનું સ્થાન જમાવ્યું છે.

આયે દિન ડિજિટલ કરન્સીની વાતો સંભળાતી રહે છે. દુનિયા ડિજિટલ થઈ રહી છે. લોકોના પર્સમાં કે ઘરમાં નગદ નારાયણ ઓછા અને મોબાઈલના વૉલેટમાં વધુ જોવા મળે છે. અહી પેટીએમ કે ગૂગલ પે જેવા ડિજિટલ વૉલેટ મધ્યમોની નહીં પણ થોકબંધ અને રિટેલ બન્ને જગ્યાએ વાપરી શકાય એવી કરન્સીની વાત થઈ રહી છે. ક્રિપ્ટો કરન્સીથી હવે કોઈ અજાણ નથી. લગભગ દેશોમાં ગેરકાયદેસર રીતે ચાલતા ક્રિપ્ટો કરન્સીના નેટવર્કમાં લોકોના ફસાવા અંગેના ઘણા સમાચારો મળતા રહે છે. ભારતમાં પણ બીટકોઈન સહિતના ક્રિપ્ટોકરન્સીના વધતા જતા આકર્ષણ અને એમાં થતાં ગફલા અને આ પ્રકારની ડીજીટલ કરન્સીમાં ભારતીયોના જંગી રોકાણથી સચેત કેન્દ્ર સરકારે આવી ગેરકાનૂની લેવડદેવડ પર ટેક્ષ તથા ટીડીએસ લાદયો છે અને જગતના ઘણા દેશોની જેમ એને કાનૂની માન્યતા પણ નથી આપી, પણ આ પૂરતું નહોતું અને એટલે જ આના વધુ પ્રતિકારરૂપે અને જગતમાં વધતાં જતાં ડિજિટલ કરન્સીના નેટવર્કમાં ભાગીદાર બનવાના પગલાં તરીકે કેન્દ્ર સરકારે ભારતની પોતાની ડિજિટલ કરન્સી લોન્ચ કરી છે. અત્યારે પ્રાથમિક તબક્કે પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવેલ આ ભવિષ્યની કરન્સી આગળ જતાં સામાન્ય જનતા માટે પણ અવેલેબલ થવાની છે ત્યારે આવો જાણીએ ભવિષ્યના આ ડિજિટલ નાણાં વિષે થોડી વાતો.

સૌથી પહેલા તો આનો મોટો ફાયદો નોટોના પ્રિન્ટિંગ ખર્ચમાં બચતનો છે. આરબીઆઇ મુજબ ૧૦૦ રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ જ ૧૫-૧૭ રૂપિયા થઈ જાય છે અને આ નોટ બહુ બહુ તો ચાર વર્ષ ચાલે છે. જ્યારે સેન્ટ્રલ બેંકે હજારો કરોડ રૂપિયાની નવી નોટો છાપવાની થતી હોય છે એવામાં આ છાપકામ ખર્ચ જ વધુ આવે જ્યારે ડિજિટલ રૂપી માં નોટો ખરાબ થવાની અને છાપવાની ઝંઝટ રહેતી નથી. એટલે એ ખર્ચ આવે શૂન્ય..!!! 'ડિજિટલ રૂપિયા' ને રીઝર્વ બેંક દ્વારા સેન્ટ્રલ બેંક ડીજીટલ કરન્સી (CBDC) તરીકે ઓળખાવાશે અને તે રીઝર્વ બેંક દ્વારા ઈસ્યુ કાનૂની ચલણ ગણાશે અને તેની કિંમત માંગ-પુરવઠાના આધીન હશે અને તેની લેવડદેવડ પણ થઈ શકશે. ખાસ વાત એ છે કે ક્રિપ્ટો કે એના જેવી બીજી કરન્સીમાં સુરક્ષાના કોઈ પ્રબંધ નથી. જેમ કે આપણે સમાચારો વાંચીએ છીએ કે ક્રિપ્ટોના ભાવ ગગડતા કે પછી ચીટિંગને લીધે રોકાણકાર મુસીબતમાં મુકાયા, જ્યારે આમાં સુરક્ષા, સુવિધા અને સરકારી હોવાને લીધે અને સરકારની માન્યતા ધરાવતી હોવાને લીધે પારદર્શિતા પણ છે એટલે રોકાણકારોથી લઈને ઉપયોગ કરનારા સુધીના બધા જ નચિંત થઈને આનો વપરાશ કરી શકે છે. જો કે હજુ આ પ્રોજેક્ટ માત્ર સરકારી લેવડદેવડ માટે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે જેમ કે ટ્રેજરી બિલ કે સરકારી બોન્ડ માટે પણ આગળ જતાં એ સામાન્ય જનતા માટે પણ અમલમાં મુકાશે.

અસલમાં RBI 'CBDC' હોલસેલ' અને 'CBDC રિટેલ' એમ બે પ્રકારની ડિજિટલ કરન્સી ધરાવે છે. મતલબ કે ખુદના વપરાશ માટે રિટેલ અને જથ્થાબંધ વેપારમાં હોલસેલ ડિજિટલ રૂપી. હોલસેલ કરન્સીનો ઉપયોગ બેંકો, મોટી નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ અને મોટી નાણાકીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે જે અત્યારે પાયલોટ પ્રોજેક્ટમાં થઈ રહ્યું છે. હાલ જાહેર જનતા માટે ઉપયોગમાં નથી મુકાયું પણ મારા ને તમારા રોજિંદા વ્યવહારો માટે રિટેલ ચલણનો ઉપયોગ મતલબ કે રીટેઈલ કરન્સીના વપરાશ માટેનું લોન્ચિંગ કદાચ ડિસેમ્બરથી જ દેશના ચોક્કસ અને મર્યાદિત લોકેશન અને સિલેક્ટેડ યુઝર્સ માટે થવાનું છે. અસલમાં લોકો ડિજિટલ રૂપી અને ઈ-રૂપી વચ્ચે ભેળસેળ કરે છે. ઓગસ્ટ ૨૦૨૧ માં લોન્ચ થયેલ ઈ-રૂપી અને આ ડિજિટલ રૂપી બન્ને અલગ છે. ઈ-રૂપી આમ તો એક પ્રકારનું પ્રીપેડ ડિજિટલ વાઉચર છે જ્યારે ડિજિટલ રૂપિયો એનાથી અલગ એટલા માટે પડે છે કે આ એક પ્રકારની નાણાકીય લેવડદેવડ જ છે જેમ તમે અત્યારે નોટોની લેવડદેવડ કરો છો બિલકુલ એમ જ ડિજિટલી લેવડદેવડ થઈ શકવાની છે અને ખાસ તો એની કોઈ નાણાકીય મર્યાદા નથી મતલબ કે ૫-૧૦ લાખ જેવા મોટા વ્યવહારો પણ ચપટી બગાડતાં થઈ શકશે. જેમ કોરોનામાં વધુ હીટ થયેલ મોબાઈલ વોલેટથી આજે સેંકડો ટ્રોજેક્શન થાય છે બિલકુલ તે જ રીતે ડિજિટલ રૂપીથી ટ્રાનજેક્શનો થશે. આનાથી રોકડા રાખવાની કે ' છુટ્ટા નથી ' જેવી ઝંઝટમાંથી છુટકારો મળશે અને જેની પોજીટીવ અસરો અર્થવ્યવસ્થા પર પડશે. અલ્ટીમેટલી અર્થવ્યવસ્થા વધુ ઝડપી અને પારદર્શક બનશે. અને આમ પણ વિશ્વ આખું ડિજિટલ અર્થવ્યવસ્થા તરફ શિફ્ટ થઈ જ રહ્યું છે એવામાં ભારત સરકારનું આ પગલું ખૂબ જ સમયસર ગણાવાય રહ્યું છે અને એના ફાયદા અર્થવ્યવસ્થાની સાથે સાથે દેશના નાગરિકોને પણ થવાના છે.

ઈ-વૉલેટ અમલમાં છે જ પણ એમાં નાણાંની હેરફેરની એક મર્યાદા છે જ્યારે આમાં એ તકલીફ નહીં રહે. નેટબેંકીંગમાં ચાર્જ લાગે છે જ્યારે અહી કોઈ ચાર્જ લાગવાનો નથી એ જ રીતે બે-પાંચ લાખ જેવી મોટી રકમ ફિજિકલી ટ્રાન્સફર કરવી અત્યારે મુશ્કેલ થાય છે જે કામ અહી આસાનીથી થઈ શકશે. રોકડ જમા કરાવવી, તેને સુરક્ષિત રાખવી, તેને સાચવવી જેવી પળોજળ ડિજિટલ કરન્સી આવવાથી ઓછી થઈ જશે. મોટો ફાયદો એ છે કે ક્રિપ્ટોની જેમ નિરંકુશ નહીં પણ ટોટલી સરકાર કંટ્રોલડ નાણું છે એટલે આની કિંમતમાં આસમાની-સુલતાની થવાની શક્યતા ઓછી છે અને સંપૂર્ણપણે સરકારી મુદ્રા હોવાથી તમે ડિજિટલને રોકડમાં પણ એકચેન્જ કરી શકશો. ડેફિનેટલી આ ભવિષ્યનું નાણું છે અને પરંપરાગત નાણાકીય વ્યવસ્થા કરતાં વધુ સલામત અને ઝડપી છે. સવાલ માત્ર એ જ છે કે ડિજિટલ નાણાંનો વ્યાપક અને રોજિંદો વપરાશ એને વધુ મજબૂતી આપશે અને એ માટે સરકાર અને બેંક બન્ને ખૂબ જ આશાવાદી તો છે જ પણ સાથે સાથે એને લોકભોગ્ય અને લોકઉપયોગી બનાવવા માટે મક્કમ પણ છે જ. નો ડાઉટ આ રસ્તામાં આગળ મુશ્કેલીઓ છે પણ ખુશીની વાત એ છે કે સરકાર અને રિઝર્વ બેંક બહુ જ સુનિયોજિત રીતે અને ચોક્કસતાથી આગળ વધી રહી છે અને એને લીધે લોકોના નાણાં અને આર્થિક વ્યવહારોની સલામત, ચોક્કસ અને પારદર્શક લેવડદેવડ માટે આગળનો માર્ગ વધુ સફળ અને સરળ દેખાઈ રહ્યો છે.

વિસામો :

દેશમાં ડિજિટલ ટ્રાનજેક્શન કેટલા લોકપ્રિય થઈ રહ્યા છે એનો દાખલો એના પરથી મળશે કે SBI રિસર્ચના રિપોર્ટ અનુસાર હમણાં જ પૂરા થયેલા દિવાળીના તહેવારો દરમિયાન દેશમાં ચલણમાં રહેલી નોટોના સર્ક્યુલેશનમાં ૭,૬૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે.

(akurjt@gmail.com)

ચંદ્રભદ્રનો મીટીંગમોહ અને ચોંકડીવાળું શર્ટ...

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ચંદ્રભદ્ર એક જુદી જ અનુભૂતિના વિશ્વમાં વિહરી રહ્યા હતા. એમની આશા હતી એના કરતાં વધારે સંમોહનપાશમાં એ બંધાતા જતા હતા. એમને લાગતું હતું કે આ જગતનું કલ્યાણ કરવા બહાર પડેલા આત્માઓને મળવાથી મનને ખતરનાક આનંદ મળી રહ્યો હતો. સરકારમાં એકથી અઢાર વાંકા હોય એવા અધિકારીઓ મળ્યા એમનો ગળ્યો, તીખો, તુરો અનુભવ થયો તો સાવ સીધા અને સંત જેવા ખાદીના સફેદ ઝભ્ભા જેવા અધિકારીઓ પણ મળ્યા. ચંદ્રભદ્ર જીવનના આ 'વેલ્યુ-એડીશન'થી કોઇ ગૃહિણીને શાકવાળીબાઈ મફતમાં આદુ-મરચાં-કોથમીર આપે અને થાય એવો સાવ લીલા રંગનો આનંદ થઈ રહ્યો હતો. એમાંયે એચડબલ્યુ-સરની ઓળખાણ પછી તો એવું લાગતું હતું કે અડધા ચંદ્રની જમીન એમના નામે થવામાં છે. જો કે એક ડો.કબાડિયા જે પહેલાં ઓર્થોપેડિક અને

હવે ન્યુરો-ફીઝીશયન બની ગયા છે એવું કહેતા સંભળાયા હતા કે ચંદ્રભદ્રમાં સૂક્ષ્મ કેમિકલ ફેરફારો થઈ રહ્યા છે, અને આ કારણે એ ગમે ત્યારે એમની પત્નીને પણ કૃત્રિમ પ્રેમ કરી શકે છે. આ અને આવી આગાહીઓ, અર્ધ-આગાહીઓ અને અવલોકનોની વચ્ચે નિરંજન એનું 'ટીપીકલ' ચોંકડીવાળું શર્ટ પહેરીને આવ્યો. એના ચહેરા પર જુના જમાનામાં ખાંડનો સ્ટોક આવે ત્યારે ગૃહિણીઓને થતો તેવો આનંદ ફરકતો હતો જે કોઇ દબાણવશ સ્મિતમાં પરિણમતો નહોતો. પરિણામે સ્મિતબંધ ચકોન્સ્ટીપેશન ઓફ સ્માઈલ્સ અનુભવતા હોય તેવા ચહેરા સાથે એમને ચંદ્રભદ્ર સમક્ષ આવીને જાહેર કર્યું કે,

"તમારા અનુભવમાં એક છોગું ઉમેરાય એવી સુચના મળી છે.'એણે શ્વાસ અંદર લીધો અને કહ્યું, 'એચડબલ્યુ-સરના પીએનો ફોન હતો કે આવતીકાલે એક બહુ મોટી મીટીંગ થનાર છે અને એચડબલ્યુ-સર એ મીટીંગની અધ્યક્ષતા કરવાના છે તો ચંદ્રભદ્ર ગાંધીનગરમાં છે તો એમને લાભ મળે અને ફર્સ્ટ-હેન્ડ અનુભવથી એ પરિપ્લાવિત થઈ જાય એ માટે આમંત્રણ છે.' ચંદ્રભદ્ર અચાનક જ આનંદમાં આવી ગયા. એમને ટાન્ઝાનિયા અને કેન્યાના પ્રવાસથી પાછા આવેલા મયંકભાઇએ કહ્યું, 'આફ્રિકાના આ દેશોમાં પ્રાણીઓને સમુહમાં જોવાનો મહિમા છે..!!' આવી રોમાંચક પ્રાણીકથાઓ સાંભળી તે ક્ષણથી જ ચંદ્રભદ્રના દિલમાં એક ઉભરો હતો. મયંકભાઇ કહેતા હતા જે રીતે હાથીઓમાં પરિવારભાવના અને હરણોમાં સ્વબચાવનું મિકેનીઝમ, જેબ્રાનું પોતાના શરીર પરના ચટ્ટાપટ્ટાનું અજ્ઞાન, ચિત્તાના શિકાર પ્રાપ્ત કરવાની એકાગ્રતામાં 'મેનેજમેન્ટ-ઇન-એક્શન જેવું જોવાનો ઉત્સાહ હતો તેનાથી આજનો દિવસ આ રામ કરી હું મીટીંગના એજન્ડાનો અભ્યાસ કરીશ. જો કે સાંજે મળવા આવેલા બીઆર અને પીઆર - એમ બન્ને અધિકારીએ કહેલું કે એજન્ડા લઈને મીટીંગ જવાનું હોય છે એને ઘેરથી વાંચીને જવું જોઇએ એવું તો કોઇએ કહ્યું નથી. જો કે બીઆર ગઈકાલે જતાં જતાં નિરંજનને કહેતા'તા, ' ચંદ્રભદ્રને કશો અનુભવ નથી અને સાવ સસલા જેવી નિર્દોષતા ધરાવે છે.' નિરંજન સમજી ગયો કે ચંદ્રભદ્રની એજન્ડા વાંચવાની ચિંતા અને નિસ્બત એનામાં પુખ્તતાનો અભાવ જ બતાવે છે. જો કે ઘણા અધિકારીઓ એવું માને છે કે મીટીંગ હોલમાં જઈને જ ભાગ લેવાથી તમારી વિષય ઉપર કેવી પક્કડ છે તે સમજી શકાય છે. વળી, સાવ અજાણ્યા વિષય પર વાંચ્યા અને સમજ્યા વગર તમે બોલી શકો, ચર્ચામાં ભાગ લઈ શકો તો જ તમારી માનસિક શક્તિઓનો વિકાસ થાય. આમ પરીક્ષાના વિદ્યાર્થીઓની જેમ તૈયારીઓ કરીને મીટીંગમાં જવું એ ચંદ્રભદ્રની સાવ કોરી બાલિશતા અને નિત્યવર્ધિતા અણસમજની નિશાની છે. મીટીંગની શરુઆત થવાની બાવીશ સેકન્ડ પહેલાં નિરંજન અને ચન્દ્રભદ્ર પાછળની લાઈનમાં જાણે ખુબ જ રોમાંચક મેચમાં કોઇ ઉચ્ચ અધિકારીનાં સગાં આવીને સ્ટેડિયમની ગેલેરીમાં બેસે એવી રીતે આવીને બેઠા. આ વખતે ચંદ્રભદ્રે સાદો ચોંકડીવાળો શર્ટ પહેરેલો જે બેઠેલાઓની સાથે એમને જોડી આપતો હતો.

મીટીંગમાં બધાએ 'ગુડ-મોર્નિંગ' મીટીંગમાં એચડબલ્યું આવે ત્યારે જ કહેવા માટે રીઝર્વ રાખ્યું હતું. બે-ત્રણ નોંતરિયા જેવા લાગતા અધિકારીઓ આગળ બેઠેલા અધિકારીઓને કાનમાં કશુંક કહી રહ્યા હતા. જો કે એમના ચહેરા પરની થોડી પ્રગટ થતી લુચ્ચાઈને લીધે સાવ મંથરાવતારો નહીં હોય એવું આશ્વાસન મળતું હતું.

એચડબલ્યુ મીટીંગમાં એવી રીતે આવ્યા જેવી રીતે ભારે આત્મવિશ્વાસથી લેટ-પડેલી ટ્રેન પ્લેટફોર્મ પર આવે. મીટીંગમાં બેઠેલા અડધા ઉભા થયા તો અડધા-ઉભા-થતાં જ બેસી ગયા હોય એવા અડધા ઉભા થયા. આ નીઓ-નમ્રતા આજકાલ ખુબ જ પ્રસિધ્ધ છે. ચંદ્રભદ્રને આ મીટીંગની આગળની કાર્યવાહી નિહાળવાનો મોહ હતો. આ મીટીંગ હોલ જાણે બધાની સામુહિક માનસિકતા દર્શાવતો હોય એમ એક ચોકડીવાળા શર્ટ જેવો લાગી રહ્યો હતો...

અંતરઆત્માના અવાજને તમે સાંભળી શકો છો ખરાં?

પમરાટ
મિત્તલ પટેલ

ખૂબ સારી રીતે સંભળાય છે અવાજો એ રીતે..
જાણે અથડાય છે કાનને અને શોષાય છે હૃદયમાં...!!
તડકા અને છાયડો બંને હોય છે શબ્દોને...
તરતા વાગે અને હુંફ આપે કંઈક એ રીતે...!!
હૃદયની ભીતર કોઈ વાંચા ફૂટે કંઈક...
જાણે....

તકલીફોમાં દરવાજા કંઈક નીકળે એ રીતે...!!
ઓછાયા વિચારોના કતીક હટાવીએ ચાળને....
અંતરશબ્દોના કિરણો સ્પદાય સહજ બસ એ રીતે...!!
આપણાં જીવનની દરેક ક્ષણને સાચી રીતે જીવવા માટે અને જીવનના દરેક તબક્કાને સાચી રીતે સંભાળી શકવા સક્ષમ બનવા માટે અંતરાત્માના અવાજને સાંભળવાની તાલાવેલી અને ક્ષમતા આપણે કેળવવી જ રહી. સંગાથે કોઈ હોય કે ના હોય સાથે હંમેશા ભીતર ઈશનો અંશ આપણને જીવવાનાં રસ્તાઓ, જીવનના હેતુઓ ,સતત માર્ગદર્શક બનીને જીહવળતો જ હોય છે. એક પ્રજ્ઞા દરેક વ્યક્તિમાં ઈટ્યુશનના સ્વરૂપે અંતરના ઊંડાણમાં પડેલી હોય છે. જો એને કાન દઈને નહીં, ચોખ્ખા હૃદયથી શ્રદ્ધાના દીપકને ઝળહળતો રાખીને સાંભળી શકીએ તો જીવનમાં હંમેશા સાચો સથવારો, સાચો મિત્ર, સાચો રાહબર, સાચો માર્ગદર્શક મળી શકે છે. બસ ફૂરસદ કેળવવી પડે છે તેને સાંભળવાની, સમજવાની અને અમલમાં મૂકવાની હિંમત જૂટાવવાની.

સાચું થઈ પડવું જરા અઘરું છે....
સૂર્યાસ્ત પછીની ચાંદની ને માણવા બપોરનો તડકો જરૂરી છે..
કોઈ ડિસ્ટર્બન્સ વગરની જગ્યાએ શાંત મન અને મગજ સાથે બેસી, મગજનાં વિચારો સંપૂર્ણપણે અથવા તો મહદઅંશે બંધ કરવા પ્રયત્ન કરો. ત્યારબાદ તમારાં મનમાં જીવનને લઈને જે પણ પ્રશ્ન હોય તે તમારાં અંતર મનને પૂછો. ખુબ ઊંડે ઊંડેથી આવતાં સાવ સહજ શબ્દો સાંભળવા પ્રયત્ન કરો. તમે ચોક્કસ સાંભળી શકશો. ત્યારબાદ શક્ય એટલો પ્રયત્ન કરો તેને અનુસરવાનો. બની શકે કે મગજ તેનાથી વિરોધનું વિચારતું હોય. અને અંતર મને બતાવેલ રસ્તો અથવા તો વિચારને સ્વીકારવું અને અમલમાં મૂકવો થોડો કઠિન હોય પણ એમાં મનમેખ પણ ભૂલ નહીં હોય એની શ્રદ્ધા રાખજો.

તરતા આવડે અને તરી જ જવાય જરૂરી નથી હોતું. કેટલીક વાર ખૂબ સારા તરવૈયા સમુદ્રના તોફાનમાં ક્યાંય ખોવાઈ જાય છે. અને જેને તરણુ મળી જાય તેને જિંદગીમાં ક્યારેય તર્યો ન હોય તો પણ તે એ વાવાઝોડામાંથી સહી સલામત તે તરણાના ભરોસે પાર થઈ જતો હોય છે.

કભી શામ ઢલે તો મેરે દિલ મેં આ જાના
કભી ચાંદ ખિલે તો મેરે દિલ મેં આ જાના
તૂ નહીં હૈં મગર ફિલ ભી તૂ સાથ હૈ
બાત હો કોઈ ભી તેરી હી બાત હૈ
તૂ હી મેરે અંદર હૈ તૂ હી મેરે બાહર હૈ
જબ સે તુઝકો જાના હૈ મૈંને અપના માના હૈ
મગર આના ઈસ તરહ તુમ કે યહાં સે ફિલ ના જાના."પરિભાષા."